

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની આજે ગાંધીનગરમાં કેનેડીયન પ્રીમીયર-(મુખ્યમંત્રી) શ્રીયુત બ્રેડવોલે તેમના ઉચ્ચસ્તરિય -તિનિધિમંડળ સાથે શુભેચ્છા મૂલાકાત લીધી હતી. શ્રીમતી આનંદીબહેને સાસ્કેશ્વાન રાજયના મુખ્યમંત્રી પદે બીજીવાર ચૂંટાઈ આવેલા શ્રીયુત બ્રેડવોલને અભિનંદન પાઠવ્યા હતા. આગામી વાયબ્રન્ટ સમિટ-૨૦૧૫માં કેનેડા પાર્ટનર કન્ટ્રી બન્યું છે તે સંદર્ભમાં આ બેઠકમાં પ્રારંભિક પરસ્પર ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

# ડૉ. કમલેશ જોશીપુરાને પ્રતિષ્ઠિત દેવાંગ મહેતા બિઝનેસ સ્કૂલ એવોર્ડ અપાયો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર ખાતે આવેલ ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર્સ એજયુકેશનના પ્રથમ અને પૂર્વ કુલપતિ ડૉ. કમલેશ જોશીપુરાને મુંબઈ ખાતે આયોજિત એક સમારંભમાં દેવાંગ મહેતા બિઝનેસ સ્કૂલ એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ એવોર્ડ તેમને પેટ્રન હરીશ મહેતા અને જયુરી ચેરમેન ડૉ. પ્રસાદ મેડુરાયના હસ્તે આપવામાં આવ્યો હતો.

આ એવોર્ડ સમારંભમાં દેશના કુલ સાત પૂર્વ અને વર્તમાન કુલપતિઓને 'એવોર્ડ ફોર આઉટ સ્ટેન્ડીગ કન્ટ્રીબ્યુશન ટુ એજયુકેશન' એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ એવોર્ડ આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ ધરાવતા એવોર્ડમાં ગણના પામે છે. આ ૨૨મો એવોર્ડ સમારંભ હતો જે દર વર્ષે યોજાય છે. આ સમારંભમાં એર ઈન્ડીયાના નેશનલાઈઝેશનમાં મહત્વનો ભાગ ભજવનાર અને વર્તમાન વિવેકાનંદ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ ગૃપ ઓફ ઈન્સ્ટીટયુટના ડાયરેકટર તેમજ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રદાન કરનાર સતીષ મોઢ, આણંદ કૃષિ યુનિ.ના પૂર્વ કુલપતિ પ્રો. એ.એ. શેખ, અમદાવાદ યુનિ.ના પ્રોવોસ્ટ પ્રો. એ.એલ. કાલરો ઉપરાંત કુલપતિ પ્રો. અપરાજીતા ઓઝાનો સાત આઉટ સ્ટેન્ડીંગ એવોર્ડમાં સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે ડૉ. કમલેશ જોશીપુરાની તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા આઈઆઈએમ અમદાવાદમાં ગુજરાત સરકારના પ્રતિનિધિ તરીકે બોર્ડ ઓફ ગર્વનર્સમાં નિમણુંક અપાઈ હતી.




(તસવીર : મિલન જાની)

## નાણાંવટી તપાસ પંચનો ફાઈનલ અહેવાલ મુખ્યમંત્રીને સુપરત

ગાંધીનગર, તા.૧૮

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલને આજે, નાણાવટી તપાસપંચનો અહેવાલ પંચના અધ્યક્ષ જસ્ટીસ (નિવૃત્ત) શ્રી જી. ટી. નાણાવટી અને શ્રી અક્ષય મહેતાએ સુપરત કર્યો હતો. ૨૦૦૨માં ગુજરાતમાં ગોધરા સાબરમતી ટ્રેન હત્યાકાંડ અને ત્યારબાદના રમખાણોની તપાસ માટે રચવામાં આવેલા નાણાવટી તપાસપંચનો અંતિમ (ફાયનલ) અહેવાલ શ્રીમતી આનંદીબહેન પટેલને આજે સુપરત કરવામાં આવ્યો છે.

## ગાંધીનગર જિલ્લાની હોટલોમાં રોકાણ કરનારા મુસાફરોએ ફોટો ઓળખકાર્ડ રજૂ કરવા પડશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લાની હદમાં આવતા ગાંધીનગર જિલ્લાના વિસ્તારમાં આવેલ હોટલો/ ગેસ્ટ હાઉસો/ધાબાના માલિક તથા મેનેજર/ તમામ કર્મચારીઓના નામ, સરનામું નજીકના સગાની વિગતો, આંગળાની છાપો વિગેરેની હકીકતો તેમજ આવી હોટલોની અન્ય સાથી હોટલ/ ગેસ્ટહાઉસ કયા કયા સ્થળે આવેલ છે, તેમના માલિક / મેનેજર / સંચાલકના નામ, સરનામું, ટેલીફોન/ મોબાઈલ નંબરની લેખિત માહિતી સંબંધિત પોલીસ સ્ટેશન, સંબંધકર્તા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ તથા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટને ફરજીયાત આપવી. ગેસ્ટ હાઉસમાં રોકાનાર યાંત્રિક જે વાહન લઈને આવેલ હોય તે વાહન તથા તેના રજીસ્ટ્રેશન નંબરની નોધ ગેસ્ટ હાઉસના રજીસ્ટરમાં કરવી.

આ હુકમ તા. ૧૪/૧૧/ ૨૦૧૪ થી તા.૧૨/૦૧/૨૦૧૫ સુધી બન્ને દિવસો સહિત દિવસ ૬૦ માટે અમલમાં રહેશે.આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

# મોડાસા નગરપાલિકા 'સ્વચ્છતા અભિયાન' હેઠળ દુકાનદારો, લારી પાથરણાવાળા ઝાડુની ઝપેટમાં

મોડાસા, તા.૧૮

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં મોડાસા નગરપાલિકા દ્વારા છેલ્લા કેટલાય દિવસોથી મોડાસા શહેરને સ્વચ્છ બનાવવા માટે મોટે પાયે ઝુંબેશ હાથ ધરી છે. મોડાસા શહેરના દુકાનદારો તેમજ લારી ગલ્લાવાળા લોકોને દુકાન આગળ ગંદકી ન કરવા તેમજ ફરજીયાતપણે કચરા પેટી રાખી કચરો કચરાપેટીમાં જ નાખવા તાકીદ કરેલ છે. આમ છતાં વેપારીઓ દ્વારા કાયદાનું પાલન ન કરતાં મોડાસા નગરપાલિકા તંત્ર એ લાલ આંખ કરતાં વેપારીઓમાં દોડધામ થવા પામી છે.



(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા શહેરના દુકાનદારોને નગરપાલિકા તંત્રની વારંવાર રજુઆત છતાં ડસ્ટબીન ન રાખવાનું મુનાસીબ સમજી જાહેર માર્ગો ઉપર ગંદકી ફેલાવનાર ૧૫થી વધુ વેપારીઓને નોટીસ ફટકારવામાં આવી છે. તેમજ નોટીસ આપ્યા બાદ પણ વેપારીઓ નહિ સમજે તો કાયદેસરની કાર્યવાહી હાથ ધરી દુકાનોને બંધ કરવાની ફરજ પાડવામાં આવશે. મોડાસાના વેપારીઓ કચરો જાહેરમાર્ગો પર નાંખીને ગંદકી ફેલાવવામાં તેમજ આવા કચરાથી લોકોના આરોગ્ય સામે પણ ખતરો ઉભો થતો હોય મોડાસાના બસ સ્ટેન્ડ વિસ્તાર, ચાર રસ્તા, માલપુર રોડ,મેઘરજ રોડ પર સઘન તપાસ હાથ ધરતાં અંદાજે ૧૫થી પણ વધારે વેપારીઓને કાયદેસરની નોટીસ ફટકારેલ છે. મોડાસા નગરપાલિકા દ્વારા લારી-ગલ્લા, પાથરણાવાળાઓ તેમજ દુકાનદારો દ્વારા રોડ ઉપર ગેરકાયદેસર દબાણો કરી ટ્રાફીકને અડચણરૂપ બનતા તેમજ આવા લારી ગલ્લા, પાથરણાઓ દ્વારા જાહેર માર્ગો પર કચરો નાખી ગંદકી ફેલાવાતી હોવાથી નગરપાલિકા તંત્ર દ્વારા બસ સ્ટેન્ડથી ચાર રસ્તા સુધીના એરીયામાં ગંદકી ફેલાવનાર લારી ગલ્લા પાથરણવાળાનો માલસામાન ટ્રેકટરમાં ભરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે તથા વેપારીઓએ દુકાન આગળ કરેલા કાચા દબાણો હટાવી લઈ ૨૦૦૦ રૂ.નો દંડ ફટકારવામાં આવતા મોડાસાના શહેરીજનોએ નગરપાલિકા તંત્રની પ્રશંસા કરી હતી.

મોડાસા નગરપાલિકા આરોગ્ય વિભાગના ચેરમેન અરવિંદ પંચાલના માર્ગદર્શન હેઠળ સેનેટરી ઈન્સ્પેકટર સુનિલ રાજપુરોહિત અને નગરપાલિકા સ્ટાફે મોડાસા શહેરના બધા જ જાહેરમાર્ગો ઉપર તપાસ હાથ ધરી છે.


# જશપુરીયા દૂધ મંડળીના મંત્રીએ લૂંટ પ્રકરણમાં પોતે જ લુંટાયાનું તરકટ રચ્યું હતુ

## પોલીસે કલાકોમાં ગુનાનો ભેદ ઉકેલી લુંટની રકમ પૈકી ૨.૧૨ લાખ કબજે કર્યા

પાલનપુર, તા. ૧૮

પાલનપુરના ચિત્રાસણી ખાતે સોમવારે વહેલી સવારે જશપુરીયા ધૂધ મંડળીના મંત્રીના લુંટ કેસમાં પાલનપુર તાલુકા પોલીસે ગણતરીના કલાકોમાં જ લુંટના ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો હતો અને રૂ. ૨,૧૨,૦૦૦ની રોકડ રકમ કબજે કરી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર પાલનપુર તાલુકાના ચિત્રાસણી ખાતે ગત સોમવારે વહેલી સવારે જશપુરીયા દૂધ મંડળીના મંત્રી ત્રિભોવન પ્રજાપતિ રૂ. ૬,૮૦,૦૦૦ ની રકમ લઈ બાઈક પર પસાર થઈ રહ્યા હતા દરમિયાન કોઈ અજાણ્યા હુમલાખોરોએ મંડળીના મંત્રી પર ધોકા વડે હૂમલો કરી દૂધ મંડળીના રૂ. ૬,૮૦,૦૦૦ની રકમ લુંટી ફરાર થઈ ગયા. આ ઘટનાથી શહેરમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. ચકચારી લુંટ કેસમાં તાલુકા પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. આ કેસની તપાસ પાલનપુર ડીવીઝનના ડી.વાય.એસ.પી. એસ.એન. પરમાર અને પી.એસ.આઈ. એ.આર વાળાએ હાથ ધરી હતી અને જુદી જુદી ટીમોને કામે લગાવી હતી. દરમિયાન ભોગ બનનાર મંડળીના મંત્રી ત્રિભોવન પ્રજાપતિની ઉલટ તપાસ કરતા પોલીસને તેના પર શંકા જતા તેના ઘરની તલાસી લીધી હતી જેમાં પોલીસને લુંટની રકમ પૈકી રૂ. ૧.૫૯ લાખ રોકડ મળી આવ્યા હતા. જેની વધુ પુછપરછ કરતા આ સમગ્ર લુંટ કેસમાં ખુદ મંત્રીએ જ તરકટ રચી ઘટનાને અંજામ આપ્યો હોવાનું બહાર આવતા પોલીસ ગુનાનો ભેદ ઉકેલી નાંખ્યો હતો અને અન્ય બે શખ્સોના ઘરમાંથી અનુક્રમે રૂ. ૨૨,૦૦૦ અને રૂ. ૩૫,૦૦૦ મળી કુલ રૂ. ૨,૧૨,૦૦૦ કબજે કર્યા હતા. આ અંગે વધુ તપાસ ચાલી રહી છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## શબ્દાવલી - ૫૫૬૪



### આડી ચાવી

૧. વનમાં એનીમેળે પ્રગટતો અગ્નિ (૪)
૫. ચંદ્ર, ચાંદામામા (૪)
૭. ઢોરને મરાય તેવો માર(૪)
૯. નર્ક, જહન્નમ (૩)
૧૦. તાંબા કે ધાતુનો એક ખાસ ઘાટનો લોટો (૩)
૧૧. 'હવે હદ થઇ' એવો અર્થ બતાવતો ત્રાસ કે કંટાળાનો ઉદ્‌ગાર (૨)
૧૨. આવક, પાક (૩)
૧૩. એક કઠોર (૩)
૧૪. અગ્નિ (૨)
૧૬. ઝેર, વિષ (૨)
૧૮. લગ્ન પ્રસંગ (૨)
૧૯. ઢધુ નનામી લઇ જતા બોલે... બોલો ભાઇ... (૨)
૨૦. એક જંતુ (૨)
૨૧. શાંતિ, સુખ ચેન (૩)

### ઊભી ચાવી

૧. એક ગુજરાતી વાનગી (૫)
૨. મૃદુતા, નરમપણું (૪)
૩. તાકોડી, નિશાન તાકી શકે તેવા (૫)
૪. ફાયદો, લાભ, ફતેહ (૪)
૬. હાથ, હસ્ત (૨)
૮. કમા(ણીકર), રળીને લાવ (૨)
૧૧. તોપના ગોળાનો મારો ચલાવવો (૪)
૧૨. ઉજવવું તે (૪)
૧૪. વિશ્રાન્તિ, થાક ખાવો તે(૩)
૧૫. જવું તે, ગતિ, ચાલ (૩)
૧૬. સંભાવના, કદાચ થશે તેવો ભાવ (૨)
૧૭. સાકરના નાના કટકા ને... સાકર કહેવાય (૨)

### શબ્દાવલી ૫૫૬૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) લાપોટીયું (૪) વિશાળ (૬) ખગોળશાસ્ત્ર (૭) ડખળ (૧૦) શીલ (૧૧) વિપદ (૧૩) લાતો (૧૪) નાદ (૧૫) નિમ (૧૬) પાશવી (૧૭) ખાક (૧૮) આજે (૧૯) જલદ (૨૦) કઝબ (૨૧) આળસ
**ઊભી ચાવી :-** (૧) લાકડશીલાડુ (૨) ટીખળ (૩) યુગો (૪) વિશારદ (૫) શાસ્ત્ર (૮) ખલતો (૯) આદમકદ (૧૧) વિનાશ (૧૨) પદવી (૧૫) નિખાલસ (૧૬) પાજેબ (૧૮) આડ (૧૯) જળ

# પ્રાંતિજમાં રાષ્ટ્રીય સેવા યોજનાની કાર્યશિબિર યોજાઈ

પ્રાંતિજ, તા. ૧૮

હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત એસ.એસ. મહેતા આર્ટસ એન્ડ એમ.એમ. પટેલ કોમર્સ કોલેજ હિંમતનગર દ્વારા પ્રાંતિજ તાલુકાના નનાનપુર ગામે એન.એન.એસ.ની કાર્યશિબિર યોજાઈ હતી. જેમાં કલેક્ટર કચેરી ડીઝાસ્ટર શાખા દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે ડીપીઓ ડીઝાસ્ટર કે.બી. પટેલ દ્વારા ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા પ્રકાશિત કરાયેલ સ્કૂલ સેફ્ટી અંતર્ગત વીડીયો દર્શાવવામાં આવ્યો હતો. ગુજરાત સરકારના જીએસડીએમએ દ્વારા પ્રકાશિત કરાયેલ સ્કૂલ સેફ્ટીના ૨૦ જેટલા પોસ્ટરોનું નિદર્શન પણ આ તબક્કે યોજવામાં આવ્યું હતું. શાળા સલામતી અંતર્ગત અગ્નિશામક યંત્રોની જાણકારી શાળાના શિક્ષકો અને બાળકોને આપવામાં આવી હતી. ડીઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત વિવિધ પ્રકારની કુદરતી અને માનવસર્જિત આફતો અંગેનું સાહિત્ય અને બુકલેટ વિતરિત કરાઈ હતી, સીઝનેબલ આફતોની જાણકારી દર્શાવતા વાર્ષિક કેલેન્ડરો દૂધ મંડળી, પંચાયત, શાળા, યુવક મંડળને વિતરિત કરાયા હતા. આ પ્રસંગે પ્રોગ્રામ ઓફિસર ડૉ. એ.કે. પટેલે કે.બી. પટેલ-ડાભાનું સ્વાગત કરી પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. અંતમાં કે.બી. પટેલે જણાવ્યું કે જિલ્લાની કોઈ પણ પ્રાથમિક કે માધ્યમિક શાળાઓ કે કોલેજો કલેક્ટર કચેરીની ડીઝાસ્ટર શાખા ઈમરજન્સી ઓપરેશન સેન્ટરનો સંપર્ક કરશે તો સ્કૂલ સેફ્ટી પ્રોગ્રામ અંતર્ગત જરૂરી સાહિત્ય, સીડી અને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવશે. કાર્યક્રમનું સંકલન જે. વિ. શ્રીમાળી, જી.જી. ડાભી તથા જે.કે. પટેલ નાયબ મામલતદારે કર્યુ હતુ.

## કટાયેલું કેબિન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કન્ટ્રોલ ઓફિસ બનાવવી જોઈએ તેવી માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરમાંથી રાજ્યમાં કે રાજ્ય બહાર જવા તથા આવવા માટે એસ.ટી. બસો ઉપલબ્ધ બની રહે છે. જેમાં શહેરી બસ સેવા થકી સ્થીત વેપારી માન્ચેસ્ટર ગણાતા અમદાવાદ સાથે મુસાફરો સંકળાયેલા રહે તેવી એસ.ટી. બસની વ્યવસ્થા છે. અને તેથી નગરમાં સેકટર દીઠ એસ.ટી. સ્ટેન્ડ બનાવાયા છે. તેમાં ઘ-૬નું એસ.ટી. સ્ટેન્ડ ઉત્તર ગુજરાત તેમજ અમદાવાદ તરફ માટે શ્રેષ્ઠ પર્યાય બન્યું છે અને દિવસભર અસંખ્ય મુસાફરો આવવા જવાના સ્ટેન્ડનો ભરપુર ઉપયોગ કરે છે.

પરંતુ ઘ-૬ ના શહેરી પીકઅપ બસ સ્ટેન્ડે બનાવેલ કન્ટ્રોલ કેબીન કાટ ચડી જઈને કદરૂપુ ભાસી રહ્યું છે. વળી તેમાં ખંભાતી તાળા જ લાગેલા હોવાથી મુસાફરો માટે બિન ઉપયોગી બન્યુ છે. સમય તેમજ બસ માટેની પૂછપરછ માટે બનાવેલા આ કેબીનની તંત્રએ દેખભાળ ન કરતાં અને કોઈ કર્મચારી હાજર ન રાખતા મુસાફરો એસ.ટી. બસ માટે અવઢવમાં રહે છે. હરીયાળુ અને રળીયામણા આ શહેરની શાનમાં કટાયેલું આ કેબીન પાટનગની આબરૂના ધજાગરા કરી રહ્યુ છે. ટુંક સમયમાં વાઈબ્રન્ટ સમિટ યોજાવાની છે જે માટે શહેર દુલ્હનની જેમ સજી ધજી રહ્યું છે. ત્યારે સોનાની થાળીમાં લોઢાની મેખ સમાન આ કેબીનની દુરસ્તી થાય તે નગર માટે યોગ્ય બનશે તેવું ચર્ચાઈ રહ્યું છે. હાઈ ટેકનોલોજીની વિદેશમાં પ્રધાનમંત્રી ઉપયોગ માટે આગ્રહ સેવતા હોય ત્યારે ગાંધીનગરની ઘ-૬ની આ કન્ટ્રોલ ઓફીસ અદ્યતન બનાવાય તેવી સર્વત્ર માંગ છે.

# મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોનનું વેચાણ કરતા ડીસ્ટ્રીબ્યુટર્સ માટે જાહેરનામુ બહાર પડાયું

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેર સહિત સમગ્ર જિલ્લામાં મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોનનું વેચાણ કરતા ડીસ્ટ્રીબ્યુટર્સ/રીટેઈલરોને કોઈપણ વ્યક્તિને નવું મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોન આપતાં પહેલા, મોબાઈલ સીમકાર્ડ કે મોબાઈલ ફોનનું વેચાણ કરતાં જે તે વ્યક્તિના જરૂરી ઓળખના પુરાવા લઈ, તેની ચોક્કસ ખાતરી કર્યા બાદ જ સીમકાર્ડ કે મોબાઈલ ફોન વેચવામાં આવે તેવો હુકમ જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી રવિશંકરે એક જાહેરનામું બહાર પાડી કર્યો છે.

જાહેરનામામાં જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી રવિશંકરે વધુમાં જણાવ્યું છે કે, વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ ગાંધીનગર જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સીમકાર્ડના ખરીદ તથા વેચાણ કરનાર ઉપર કાયદાકીય નિયંત્રણ હોવું ખૂબ જરૂરી છે, જેથી ગાંધીનગર જિલ્લાની હદમાં આવેલ તમામ મોબાઈલ ફોન સર્વિસ પ્રોવાઈડર કંપનીઓ તેના ડિસ્ટ્રીબ્યુટરો, જથ્થાબંધ વેપાર અને રીટેઈલ વેપારીઓએ સીમકાર્ડના ખરીદ અને વેચાણ અંગે અમુક નિયમન કરવું આવશ્યક છે.

જિલ્લા કક્ષાએ કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર તમામ એસ.ટી.ડી/પી.સી.ઓ ધારકો દ્વારા કોલરની આઈડેન્ટીટી ચકાસવા તેમજ કોલ ડીટેઈલની, નામ-સરનામાની માહિતીનું રજીસ્ટર નિભાવવામાં આવે તે ખૂબ જ જરૂરી છે. પરિણામે સ્થાનિક એસ.ટી.ડી/ પી.સી.ઓ માંથી ધમકી આપવાના, ખંડણી માંગવાના વિગેરે કિસ્સાઓ બનતા અટકશે અને આવો કિસ્સો બનતાં ગુનેગારને પકડવામાં સરળતા રહેશે. આ માટે સંચાલકોએ એસ.ટી.ડી/પીસીઓ સંચાલકની નજર સામે રાખવા, ટેલીફોન ઉપર વાત કરનાર વ્યક્તિ પોતે તેને જોઈ શકે તેટલું નજીક રાખવું, જેથી તેની વર્તણુંક ઉપર ધ્યાન રાખી શકાય. કોઈન બોક્ષ ટેલીફોન માલિકે પોતાની પાસે રાખવા ગ્રાહક માંગે ત્યારે આપે જેથી ગ્રાહકની ઓળખ માલિકને થઈ શકે. કોઈન બોક્ષ ટેલીફોન નજીક હશે તો કોઈ પણ વ્યક્તિ કોઈને ધમકી આપશે, ખંડણી માંગશે અથવા કોઈની સાથે બિભત્સ વાત કરશે તો પકડાઈ જશે. એસ.ટી.ડી/ પી.સી.ઓ કોઈન બોક્ષ ટેલીફોન ઉપર સી.સી.ટી.વી કેમેરા લગાડવા.

## ફેન્સીંગ કરાશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વાઈબ્રન્ટમાં મહાનુભાવોના રૂટમાં સલામતીને સ્પર્શતા પરિબળો તરફ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. હાલ ઈન્દિરા બ્રિજથી શાહપુર ચાર રસ્તા આસપાસ ફેન્સીંગ લગાવી દેવાઈ છે જે મુજબ શાહપુર ચાર રસ્તાથી ડી.એલ.એફ. રોડ, સરગાસણ ચાર રસ્તા થી 'ખ' માર્ગ અને મહાત્મા મંદિર સુધીના રૂટમાં પણ માર્ગની બંને સાઈડ ફેન્સીંગ કરવામાં આવશે. અગાઉ પણ આ વિસ્તારમાં નીલગાયના ત્રાસથી માર્ગ સલામતી જોખમાઈ હતી જેના લીધે માર્ગ અકસ્માતોના બનાવો પણ વધી ગયા હતા.

## ગુણોત્સવમાં મૂલ્યાંકન

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ વેળાએ પણ વધુ સારા પરિણામો આવશે તેવો વિશ્વાસ છે. તેમણે જણાવ્યુંહતુંકે આ ગુણોત્સવ માટેની સંપૂર્ણ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે.

જિલ્લામાં ૩૬૧ શાળાઓમાં મહાનુભાવો દ્વારા મૂલ્યાંકન થશે. જે જિલ્લાની ૫૨ ટકા જેટલી સ્કૂલો થાય છે. સામાન્યતઃ ૫૦ ટકા જેટલી સ્કૂલોમાં બાહ્ય મૂલ્યાંકનકારો દ્વારા મૂલ્યાંકન થતુ હોય છે.

તેમણે જણાવ્યું હતું કે જિલ્લામાં વિદ્યાર્થીઓનું અધ્યયન ઉપલબ્ધિ આધારિત વિષયવાર અને ધોરણવાર વાઈલ્ડ ટ્રેકીંગ થાય છે.


## PUBLIC NOTICE

Notice is hereby given that following sub brokers are no longer affiliated as sub-brokers with Edelweiss Financial Advisors Ltd. (Trading member of NSE and BSE) having NSE SEBI Registration No. INB231414534 and BSE SEBI Registration No. INB011412336 having its registered office at Anagram House, H L Commerce College Stadium Road, Navarangpura, Ahmedabad-380 009 and corporate office at Edelweiss House, Off CST Road, Kalina, Mumbai - 400 098.

Any person henceforth dealing with below mentioned sub brokers should do so at his own risk. The Company shall not be liable for any dealings with them.

| Sub broker Name | Trade Name sub broker | Segment | SEBI Regn. No. | SEBI Reg. Date | Regd Office Add. |
|---|---|---|---|---|---|
| PRATIK J. RAVAL | EDELWEISS FINANCIAL ADVISORS LTD. | BSE | INS015367910 | 6-May-08 | Plot No. 679, Sector-21 Gandhinagar |
| | | NSE FO | AP031318411 | 16-Apr-10 | A/3, Above Raval Kirana Store, Sector-21, Gandhinagar |
| | | NSE CD | APX031300061 | 12-Jan-09 | Plot No. 673, Sector-21 Gandhinagar |

Place : Gandhinagar
Date : 19-11-2014

Edelweiss Financial Advisors Ltd.
SD/- Director